**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : આશુતોષ અંતાણી**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 08-04-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## <u>ચૂંટણીપંચ : રાજ્ય : LED વાન</u>

રાજ્યમાં લોકસભાની સામાન્ય અને વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણીઓમાં મહત્તમ મતદાન થાય તે માટે ચૂંટણી પંચ દ્વારા 40 જેટલી એલઈડી વાન શરૂ કરવામાં આવેલી છે.

નાગરિકોમાં જાગૃતિ કેળવવા, ઇવીએમના લાઇવ ડેમોસ્ટ્રેશન અને ઓડિઓ- વિઝ્યુઅલની વ્યવસ્થાથી સજ્જ આ 40 એલઇડી વાન દ્વારા વિવિધ જીલ્લાની દૂધમંડળી અને ગામના ચોરા જેવા ગ્રામ્ય વિસ્તારો તથા કોલેજ, યુનિવર્સીટી કેમ્પસ, જીઆઇડીસી વિસ્તાર અને બગીચા જેવા વિસ્તારોમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યા છે.

ચૂંટણી પંચના જણાવ્યા મુજબ, રાજ્યના તમામ મતક્ષેત્રમાં નિશ્ચિત રૂટ પર આ એલઇડી વાન સાથે ચૂંટણી કર્મચારીઓ દ્વારા ચૂંટણીલક્ષી માહિતી માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ મોબાઇલ એપ્સ તથા ઇવીએમ અને વીવીપેટ દ્વારા

મતદાનની પ્રક્રિયાના લાઇવ ડેમોસ્ટ્રેશન સહિતની માહિતીથી મતદારોને અવગત કરાવવામાં આવી રહ્યા છે.

વર્ષ 2014ની લોકસભાની ચૂંટણીમાં 50 ટકાથી ઓછું મતદાન ધરાવતા તથા જ્યાં પુરુષો અને મહિલાઓના મતદાનનો તફાવત 10 ટકાથી વધુ હોય તેવા મતદાન મથકોમાં મહિલાઓની મતદાનમાં ભાગીદારી વધે અને સમગ્રતયા રાજ્યમાં મતદાનની ટકાવારી વધે તે માટે મતદાન જાગૃતિના ઓડિઓ- વિડીયો તથા હોર્ડિંગ્સનું નિદર્શન પણ એલઇડી વાન પર કરવામાં આવી રહ્યું છે.

**RNU અમદાવાદ**

---

## ચૂંટણીપંચ : સોશિયલ મીડિયા

આગામી લોકસભાની ચૂંટણીમાં યુવાનો અને શહેરી મતદારોની ભાગીદારી વધારવા માટે ચૂંટણીપંચે સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ઉપર અનેક નવીન અને અનોખી ઝુંબેશ શરૂ કરી છે. ચૂંટણી પંચ ટર્નિંગ 18 અને યુ આર ધ વન જેવા અભિયાનોના માધ્યમથી ચૂંટણીપંચના લોકપ્રિય આઇકોનનો સંદેશાઓ તૈયાર કરી રહ્યું છે.

ચૂંટણી પંચના ટર્નિંગ 18 અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને આગામી ચૂંટણીઓમાં ભાગ લેવા પ્રેરિત કરવાનો છે અને ગત

ચૂંટણીઓમાં જોવા મળેલા શહેરી અને યુવા મતદારોની ઉદાસીનતાના નિર્ણાયક મુદ્દાઓને શોધવાનો છે.

બીજી તરફ, “તમે એક છો” અભિયાનનો ઉદ્દેશ્ય ચૂંટણી પ્રક્રિયામાં સામેલ વિવિધ લોકોના અમૂલ્ય યોગદાનને ઓળખવાનો છે અને તેની ઉજવણી કરવાનો છે. ચૂંટણી પંચે ચૂંટણી પ્રક્રિયાઓ પર ખોટા સમાચારો અને ખોટી માહિતીને રોકવા માટે પણ ખાસ ઝુંબેશ શરૂ કરી છે.

તાજેતરમાં ચૂંટણીપંચ ફેસબુક, ઇન્સ્ટાગ્રામ, એકસ અને યુટ્યૂબ જેવા મુખ્ય સોશિયલ પ્લેટફોર્મ ઉપર સક્રિય બનીને યુવા મતદારોને જાગૃત કરી રહ્યું  છે.

**RNU અમદાવાદ**

---

## ચૂંટણીપંચ : રાજ્ય : EVM ફાળવણી

રાજ્યના કેટલાક જીલ્લાઓમાં ગઇકાલે ઇવીએમ અને વીવીપેટ મશીનોની ફાળવણી જે- તે જીલ્લાના ચૂંટણી અધિકારીને કરવામાં આવી છે.

કચ્છ જીલ્લામાં ફસ્ટ રેન્ડમાઇઝેશન બાદ ગઇકાલે વેરહાઉસ ખાતેથી જીલ્લાના તમામ છ વિધાનસભા મતવિસ્તારોમાં ઇવીએમ મશીનની સોંપણી કરવામાં આવી, જેમાં છ વિધાનસભા દીઠ બે હજાર

305 બેલેટ યુનિટ, 2 હજાર 305 કંટ્રોલ યુનિટ અને 2 હજાર 488 વીવીપેટની ફાળવણી કરાઇ છે.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------

## રાજ્ય : નર્મદા પરિક્રમા પ્રારંભ

એક મહિના સુધી ચાલનારી પંચકોશી નર્મદા પરિક્રમા આજથી યથાવત રૂટ પર શરૂ થશે.

નર્મદાની પરિક્રમા માટે આવતા શ્રધ્ધાળુઓને કોઇ મુશ્કેલી ન પડે તે માટે જીલ્લા વહીવટીતંત્રે પૂરતી વ્યવસ્થા કરી છે. પરિક્રમા શરૂ થયાના પૂર્વે નર્મદા જીલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયાએ સ્થળ પર જઇને રામપુરા ઘાટ અને શહેરાવ ઘાટ ખાતે નાવડીઓની કરાયેલી સુવિધાઓ શ્રધ્ધાળુઓ માટે વિસામો, પરિક્રમા પથ સહિત સુરક્ષા વ્યવસ્થા અંગેની ઝીણવટભરી સમીક્ષા કરી હતી.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------

## દિલ્હી : લશ્કરી ત્રણેય પંચનું સંમેલન

લશ્કરની ત્રણેય પાંખોનું સંયુકત સંમેલન પરિવર્તન ચિંતન આજે નવી દિલ્હીમાં મળશે. એક દિવસીય આ સંમેલનનો ઉદેશ્ય લશ્કરની

ત્રણેય પાંખોનું સંકલન બહેતર બનાવવા નવા વિચારો, નવી પહેલો અને સુધારાઓ પર ભાર મુકવાનો છે. આ સંમેલનનું અધ્યક્ષપદ સંરક્ષણ પ્રમુખ જનરલ અનિલ ચૌહાણ સંભાળશે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## ક્રિકેટ : IPL-2024 : MI-DC and GJ-LSG

ઇન્ડિયા પ્રીમિયર લીગ આઇપીએલ શ્રેણીની ગઇકાલે રમાયેલી મેચમાં મુંબઈ ઇન્ડિયન્સની ટીમે દિલ્હી કેપિટલ્સ ટીમને 29 રને હરાવી પ્રથમ વિજય મેળવ્યો હતો. મુંબઈનાં વાનખેડે મેદાન પરની મેચમાં મુંબઇ ટીમે 5 વિકેટના ભોગે 234 રન કર્યા હતા એ પછી દાવ લેવા ઉતરેલી દિલ્હીની ટીમે 8 વિકેટ ગુમાવી 205 રન કરતા મુંબઈ ટીમનો 29 રને વિજય થયો હતો. આઇપીએલની બીજી મેચમાં લખનૌ સુપર જાયન્ટસ ટીમે ગુજરાત ટાઇટન્સ ટીમ ને 33 રને હરાવી વિજય મેળવ્યો છે. લખનૌ ખાતેની મેચમાં લખનૌ ટીમે 5 વિકેટ ગુમાવી 163 રન કર્યા હતા. જવાબમાં ગુજરાતની ટીમ 130 રન કરી શકી હતી.

**ચંદ્રવદન પટ્ટણી**

---------------------------------------------------------------------

## કચ્છ : હવામાન

પશ્ચિમી વિક્ષોભની અસર અંતર્ગત કચ્છ જિલ્લામાં છવાયેલું વાદળછાયું વાતાવરણ વિખેરાતા જિલ્લામાં ફરી સૂર્ય સામ્રાજ્યનો પ્રભાવ વર્તાઇ રહ્યો છે. ગઇકાલે જિલ્લામથક ભુજ 39.5 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ મથક રહ્યું હતું.

આશુતોષ અંતાણી

---------------------------------------------------------------------